# જાહેર નિવિદા

**સરકાર માન્ય તમામ માધ્યમિક તથા ઉ.મા. શાળાઓ/કોલેજો /યુનીવર્સિટીઓ /સ્વાયત સંસ્થાઓ**

**Digital Gujarat Portal ઓનલાઇન સ્કોલરશીપ સંદર્ભ**

---

ગુજરાત રાજ્યમાં આવેલ તમામ સરકારી,સરકાર અનુદાનીત,પ્રાઇવેટ (સેલ્ફ ફાયનાન્સ) કોલેજ, યુનીવર્સિટી, સંસ્થા,ઉચ્ચત્તરમાધ્યમીક તેમજ માધ્યમિક શાળાઓનાં આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજીસ્ટ્રારશ્રીઓને જણાવવાનું કે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી આપની સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુસુચિત જનજાતિ ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની તેમજ કેન્દ્રીય પુરસ્કૃત સ્કોલરશીપની યોજનાઓ માટે ઓનલાઇન અરજીઓ ડીઝીટલ ગુજરાત પોર્ટલ પરની વેબસાઇટ digitalgujarat.gov.in ઉપર કરવાની રહેશે. આ માટે સંસ્થાઓએ નીચે મુજબની વિગતો ધ્યાને લઇ તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

1. દરેક સંસ્થાના વડાએ તેમની સંસ્થાનાં ટીચર/પ્રોફેસર/લેક્ચર/વહીવટી કર્મચારીને માસ્ટર ટ્રેનર તરીકે (જેઓ કોમ્પ્યુટર અને ઇન્ટરનેટનાં સારી રીતે જાણકાર હોય તેઓને) નીમવાના રહેશે. જેથી આ વિભાગની યોજનાઓની પ્રક્રિયા ખૂબ જ ઝડપથી થઇ શકે.
2. કોલેજ/યુનીવર્સિટી કક્ષાની દરેક સંસ્થા પાસે AISHE કોડ, શાળા કક્ષાના DISE કોડ, ITI માટે SSO કોડ હોવો આવશ્યક છે.જેની પાસે AISHE કોડ નથી તેને KCGનો સંપર્ક કરી અને ટેમ્પરરી AISHE કોડ મેળવવાનો રહેશે.
3. દરેક સંસ્થાના વડાએ સ્કોલરશીપને પાત્ર તમામ વિદ્યાર્થીઓનો ડેટાબેઝ બનાવવાનો રહેશે. જેમાં નીચે મુજબની વિગતે કાર્યવાહી કરવાની રહેશે.

- સ્કોલરશીપ પાત્ર કેટલાં વિદ્યાર્થી પાસે બેંક એકાઉન્ટ છે. તેનો ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે. જેની પાસે બેંક એકાઉન્ટ નથી તેનાં એકાઉન્ટ ખોલવાની તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે.
- સ્કોલરશીપ પાત્ર કેટલાં વિદ્યાર્થી પાસે આધારકાર્ડ છે. અને કેટલાં પાસે નથી તેનો ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે. જેની પાસે નથી તેના આધાર એનરોલમેન્ટ કરવાની તાત્કાલીક કાર્યવાહી કરવાની રહેશે.
- સ્કોલરશીપ પાત્ર કેટલાં વિદ્યાર્થીનાં આધારનંબર સાથે બેંક એકાઉન્ટ નંબર લીંક(સીડીંગ) થયેલ છે તેનો ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે. જેનું લીંક થયેલ નથી તેની જે બ્રાન્ચમાં ખાતુ છે તે બ્રાન્ચમાં જઇને સીડીંગ કરાવવાની વિદ્યાર્થીઓ પાસેથી કાર્યવાહી કરાવવાની રહેશે.
- સંસ્થાએ દરેક સ્કોલરશીપ પાત્ર દરેક વિદ્યાર્થીનો ઇ-મેઇલ એકાઉન્ટ ક્રિએટ કરાવવાનું રહેશે.આ કાર્યવાહી સામુહિક કરાવવાની રહેશે. જે વિદ્યાર્થી પાસે ઇ-મેઇલ એકાઉન્ટ છે તેનું નવું ક્રિએટ કરાવવાનું રહેશે નહીં.
- સંસ્થાએ જ્યાં વિશેષ કરીને ઇન્ટરનેટ કે કોમ્પ્યુટરર્સની સુવિધા ઓછી છે તેવી જગ્યાએ તેમનાં વિદ્યાર્થીઓ ઓનલાઇન એપ્લીકેશન કરી શકે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. સંસ્થાએ તેની કોમ્પ્યુટરની લેબનો ઉપયોગ કરી સામુહિક એપ્લીકેશન સરળતાથી અને ઝડપથી થાય તેવી પ્રક્રિયા કરવાની રહેશે. સંસ્થાએ વિદ્યાર્થીનાં ડોક્યુમેન્ટસ સ્કેન કરવા માટે સ્કેનર જેવી સુવિધાઓ શક્ય હોય તો આપવાની રહેશે
- કોલેજ કક્ષાએ સંસ્થા દ્વારા પ્રોજેક્ટર જેવા સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને સામુહિક, અંગત રીતે ઓનલાઇન એપ્લીકેશન માટેનું માર્ગદર્શન આપવાનું રહેશે.
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો હોય તેનું હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરી સંબધિત હોસ્ટેલનાં વોર્ડન/હાઉસમાસ્ટર કર્મચારીનાં સહી સિક્કા કરાવી આપવા માટેનું આયોજન કરવાનું રહેશે.
- વિદ્યાર્થીએ જે બેંક એકાઉન્ટ આધાર જોડે લીંક (સીડીંગ) છે તે જ એકાઉન્ટ તેને બધી યોજનાઓમાં એપ્લાય કરવાનું છે તેવી સ્પષ્ટ સુચના આપવાની રહેશે.
- વિદ્યાર્થી તેનો મોબાઇલ નંબર તેના આધારનંબર જોડે લીંક કરાવે તે અંગેનું માર્ગદર્શન આપવાનું રહેશે.
- વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ એક્ટીવ હોવું જોઇએ જો કુલ સ્કોલરશીપ રકમ ૫૦,૦૦૦/- કરતા વધારે મળવાપાત્ર હોયતો તેવું એકાઉન્ટ કોઇ ફીક્સ ક્રેડીટ લિમીટ (fixed credit Limit) ધરાવતુ ન હોવું જોઇએ. કોલેજ કક્ષાએ વિદ્યાર્થીનું એકાઉન્ટ એનું પોતાના નામનું હોવું જોઇએ. જેવી સુચનાઓ એકાઉન્ટ સંબંધિત આપવાની રહેશે.
- આધાર કાર્ડમાં રહેલી વિગતો સરકારની વિવિધ યોજનાઓમાં ખૂબ જ ઉપયોગી બની રહી છે. જેથી આધારમાં રહેલી મૂળભૂત વિગતો જેવી કે જન્મ તારીખ, જેન્ડર (સ્ત્રી/પુરુષ), કે નામમાં ભૂલ હોય તો વિદ્યાર્થીને તેમાં સુધારા માટેનું માર્ગદર્શન આપી તેની શું અગત્યતા છે તે સમજાવવાનું રહેશે.
- દરેક વિદ્યાર્થીનું કોમન પ્રોફાઇલ રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે તે માટે સામૂહિક માર્ગદર્શન આપી તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ અરજી કોઇ પણ કારણસર વર્ષ ૨૦૧૭-૧૮ પહેલાની બાકી છે તેઓએ ઓફલાઇન અરજી બાકી રહેવાનાં કારણો સાથે રજુ કરવાની રહેશે. ઓનલાઇન સ્કોલરશીપની અરજી ફક્ત વર્ષ ૨૦૧૭-૧૮ નાં વર્ષ માટેની જ અને દરેક અરજી કરનાર વિદ્યાર્થી ફ્રેશ તરીકે જ ગણવામાં આવશે.
- સંસ્થાનાં ફોરવર્ડીંગ લેટર વગર કોઇ અરજી સ્વીકારવામાં આવશે નહી. સ્ટેમ્પ સીગ્નેચર સ્વીકારવામાં નહી આવે.
- www.digitalgujarat.gov.in નામની વેબસાઇટ પર જઇને તમારા લોગીનમાં જઇને તમારી સંસ્થાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે.
  **આ માટે Admin મેનુ >> Institute Profile માં જઇને સંસ્થાની વિગતો ભરવાની રહેશે.**
- **તેવી જ રીતે Institute And Branch Mapping માં સંસ્થામાં ચાલતા અભ્યાક્રમો અને અભ્યાસક્રમ દીઠ લેવાતી ફી (fee) ની વિગતો ભરવાની રહેશે.**
- સંસ્થા કક્ષાએ હેલ્પ માટે Insthelpbranch@gmail.com અથવા રાકેશ પી. ઠાકર (૯૬૨૪૩૮૮૩૫૩) નો સંપર્ક કરવાનો રહેશે.

**સંયુક્ત કમિશ્નર**
**કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસની કચેરી**
ગાંધીનગર,ગુ.રા

**માહિતી/૧૯૦૯/૧૭-૧૮**